# SGSTના અધિકારી નોટિસ વિના જ મોબાઈલ ડીલર્સને ધમકાવે છે

**ઈ-વે બિલ** અને ટોલ ટેક્સના પાકા પુરાવા હોવા છતાં વેપારીઓને ‘બોગસ બિલિંગ’ના નામે ડરાવાઈ રહ્યા હોવાની રાવ

### વેપારીઓ કાયદાકીય લડતના મૂડમાં

સુરતના SGST અધિકારી દ્વારા નોટિસ આપ્યા વિના વેપારીઓને ટેલિફોનિક ધમકીઓ આપવાના મામલે વેપારી આલમમાં ભારે રોષ છે. ઈ-વે બિલ જેવા સત્તાવાર પુરાવા નકારી ‘બોગસ બિલિંગ’ના નામે કરાતા તોડથી કંટાળેલા મોબાઈલ ડીલર્સે હવે એકઠા થઈને પુરાવા સાથે આ ભ્રષ્ટ અધિકારીને કોર્ટમાં ખેંચી જવા માટેની કાયદાકીય તૈયારીઓ શરૂ કરી દીધી છે.

સુરતઃ સુરતના સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (SGST) વિભાગના એક અધિકારીની કથિત સરમુખત્યારશાહી અને ખોટી પ્રેક્ટિસને કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, મોબાઈલ ડીલર્સે નિયમબદ્ધ રીતે ઈ-વે બિલ જનરેટ કરીને પોતાનો માલ અન્ય શહેરોમાં મોકલ્યો હોવાના સ્પષ્ટ પુરાવા હોવા છતાં આ અધિકારી પોતાની સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છે. જ્યારે પરેશાન વેપારીઓ માલની હેરફેરના પાકા પુરાવા તરીકે સત્તાવાર ઈ-વે બિલ અને ટ્રાન્સપોર્ટેશનના ટોલચાર્જની પાવતીઓ જેવા નક્કર દસ્તાવેજો અધિકારી સમક્ષ રજૂ કરે છે, ત્યારે આ ઉચ્ચ અધિકારી તે પુરાવાઓને માન્ય રાખવાનો સાફ ઈનકાર કરી દે છે. સાચા વેપારીઓને પણ તમે માત્ર બોગસ બિલિંગ કરો છો અને વાસ્તવમાં કોઈ માલ વેચ્યો જ નથી તેમ કહીને માનસિક રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. વેપારીઓનો આક્ષેપ છે કે અધિકારી કાગળ પર કોઈ સત્તાવાર પ્રક્રિયા કરવાને બદલે સીધા જ ટેલિફોનિક સંપર્ક કરીને તેમને કચેરીએ બોલાવે છે અને ત્યાં બોલાવ્યા બાદ કાયદાનો ડર બતાવી, ધમકાવીને મોટો આર્થિક તોડ કરવા માટે દબાણ કરવામાં આવે છે. માલની ભૌતિક હેરફેર થઈ હોવા છતાં તેને કાગળ પર ખોટી સાબિત કરી, ભ્રષ્ટાચાર આચરવાના આ ખેલથી પ્રમાણિક કરદાતાઓ અને વેપારીઓ લાચાર બન્યા છે.

# મહોર્રમ: આજે 300થી વધુ તાજિયાનું જુલૂસ નીકળશે

**પ્રથમ** દસ ક્રમે આવનારા તાજિયાના આયોજકોનું સન્માન કરવામાં આવશે

સુરતઃ રાજમાર્ગ પર આવતીકાલે 26મીએ શુક્રવારે કલાત્મક રોશનીથી ઝગમગતા તાજિયાઓનું જુલુસ નીકળશે. 25મીએ ગુરુવારે શહાદતની રાત્રિએ કલાત્મક તાજિયાનું જુલુસ નીકળ્યું હતું. શુક્રવારે કોટવિસ્તારના તાજિયાઓ ભાગળ ચાર રસ્તે જેમાં લીંબાયતના તાજિયાઓ વાંસફોડાપુલ અને સલાબતપુરાના તાજીયા ઝાંપાબઝાર ચાર રસ્તા, મહિધરપુરાના તાજીયા ઝાંપાબજાર ટાવર ચોક લાલગેટના તાજીયા સૈયદપુરાથી રુવાળાના ટેકરાથી ભાગળ અઠવા સાગરમપુરા નાનપુરા ગોપીપુરાના તાજીયા નવાસારી બજારથી કોટસફિલ રોડથી ભાગળ ચારરસ્તાથી મુખ્ય જુલુસ રાજમાર્ગથી લાલગેટથી ફાયદા બઝારથી ક્રાઉન ડેરી થઈ SMC મુગલીસરાથી મિરઝાસામી રોડથી હોડીબંગલા સ્કૂલ પાસે ઠંડા થશે. ભાગળ ચારરસ્તા પર તાજીયા કમિટી દ્વારા કોમી એકતાના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી. આર પાટીલ, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, મેયર દક્ષાબેન માવાણી, સવામી અંબરીસાનંદજી મહારાજ, માજી મેયર કદિર પીરઝાદા, સ્ટેન્ડિંગ ચેરમેન રાજન પટેલના હસ્તે પ્રથમ 10 વહેલા તે પહેલા આવનારા તાજિઓને ટ્રોફી આપવામાં આવશે. તાજિયા કમીટી પ્રમુખ અસદ કલ્યાણીએ જણાવ્યું હતુ કે જુલુસમાં 300થી વધુ જેટલા તાજિયા સવારી અખાડા દુલ દુલ પરી ઘોડાના પરમીટ ફોર્મ ભરાયા છે. તાજિયા કમિટીના 1500થી વધુ સ્વયંવાસેવકો જુલુસ દરમિયાન ખડે પગે સેવા આપશે.

મોહર્રમના તહેવારને લઈ સુરત શહેર પોલીસની શાંતિ સમિતિની બેઠકમાં સુરતના પૂર્વ મેયર કદીર પીરઝાદા, સ્વામી અમરિશાનંદ મહારાજ, ગણેશોત્સવ સમિતિના અનિલ બિસ્કિટવાલા, સુરત શહેર તાજિયા કમિટીના પ્રમુખ અસદ કલ્યાણી અને અન્ય ધર્મના સંતો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરત શહેર તાજિયા કમિટીના પ્રતિનિધિ મંડળમાં ઈસરાઈલ શેખ, એડવોકેટ રાજુભાઈ મલેક, સોહેલ હાંસોટી, મોહસીન મિર્ઝા,ઈમરાન મેમણ,રોશન શેખ, કેસર પીરઝાદા, રફીક બિલાલ શેખ), સુરત શહેર તાજીયા કમીટી પ્રમુખ અસદ કલ્યાણીએ પો.કમિ. અનુપમસિંહ ગહલૌત, અપો.કમિ. બલરામ મીના, કરણરાજ વાઘેલાની શુભેચ્છા મુલાકાત હતી.

# સોસા.ના ગેટ પાસે કાર અડફેટે પાંચ વર્ષીય બાળકીનું મોત

**ડિંડોલીની** પ્રયોશા પાર્ક સોસા. માં અકસ્માતમાં કારચાલકની અટકાયત

સુરતઃ ડીંડોલી વિસ્તારમાં આવેલી પ્રયોશા પાર્ક સોસાયટી વિભાગ-2માં એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. ઘર આંગણે નિર્દોષ રીતે રમી રહેલી 5 વર્ષની બાળકીને કાર ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજાઓને કારણે તેનું મોત નિપજ્યું હતું.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના સોલાપુરના વતની વિલાસ અરગીઢી હાલમાં ડીંડોલી સ્થિત પ્રયોશા પાર્ક સોસાયટી વિભાગ-2માં એક પુત્ર અને પુત્રી સહિતના પરિવાર સાથે રહે છે. તે ડાઈંગ-પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વિલાસના સંતાન પૈકી 5 વર્ષીય પુત્રી સ્નેહાનું હાલમાં જુનિયર કે.જીમાં એડમિશન કરાવ્યું હતું.

બુધવારે સાંજે સ્નેહા પોતાના ઘરની સામે સોસાયટીમાં રમી રહી હતી. તે દરમિયાન સોસાયટીમાં રહેતા નીતિનભાઈ મિશ્રા પોતાની કાર લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. કાર સોસાયટીના ગેટમાંથી અંદર પ્રવેશી રહી હતી ત્યારે ત્યાં રમતી સ્નેહાને અડફેટે લીધી હતી.

અકસ્માતમાં સ્નેહાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી પરિવાર જનો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક સ્નેહાને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડી હતી. ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી.

## ખાનગી શાળાના 4,708 વિદ્યાર્થી સરકારી શાળામાં આવ્યા



સુરતઃ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અંતર્ગત સુરતની મુલાકાતે આવેલા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં.45 અને 46 ખાતે નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, . ચાલુ શૈક્ષણિક વર્ષમાં 4,708 વિદ્યાર્થીએ ખાનગી શાળાઓમાંથી નામ કમી કરાવી સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે, જે શિક્ષણ ક્ષેત્રે મોટી સિદ્ધિ છે. તેમણે જણાવ્યું કે, સુરત ‘મિની ઇન્ડિયા’ તરીકે ઓળખાય છે, જ્યાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી આવેલા પરિવારો વસવાટ કરે છે. અહીં કોઈ ભાષા કે પ્રાંતના આધારે ભેદભાવ કરવામાં આવતો નથી અને દરેક બાળકને પોતાની પસંદગીની ભાષામાં શિક્ષણ મેળવવાની તક આપવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ચાલુ વર્ષે સુરત જિલ્લામાં 21,113 નવા વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે, જ્યારે બાલવાટિકામાં 9,028 બાળકોના નવા પ્રવેશ નોંધાયા છે. હાલમાં મનપા અને શિક્ષણ સમિતિ દ્વારા 1.99 લાખથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

# શાકભાજી ખરીદવા ગયેલી પરિણીતાને અડપલાં કરનાર બિલાલ પકડાયો

સુરતઃ લિંબાયતના પદ્માવતી ટાવર નજીક રહેતી એક પરિણીતા ગત 20 જૂનના રોજ રાત્રે શાકભાજી ખરીદી રહી હતી. ત્યારે ત્યાં બાઈક પર બેઠેલા બિલાલે ગુટખો ખાઈ તેના હાથ પર થૂંક્યું હતું. ત્યારબાદ મહિલાનો આરોપી પીછો કરતો રહ્યો હતો. બે દિવસ બાદ, 22 જૂને રાત્રે ફરીથી તે જ સ્થળે શાકભાજી લેવા ગયેલી પરિણીતાને જોઈ આરોપી બિલાલ ગંદા ઈશારા કરવા લાગ્યો હતો. તેને બાહુપાશમાં જકડી તેના શરીર પર હાથ ફેરવી છેડતી કરી હતી. તેણીએ લિંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી બિલાલ મો. ફારૂક ખત્રી (ઉ.વ. 27), રહે. પદ્માવતી સોસાયટી, લિંબાયત (મૂળ વતનઃ સીકર, રાજસ્થાન)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બોલિવૂડ સેલિબ્રિટીના નામે ઠગાઈ, માસ્ટરમાઈન્ડ મુંબઈથી ઝડપાઈ ગયો

**અરિજીત** સિંઘ, નોરા ફતેહી અને કપિલ શર્માના લાઈવ શોના નામે સુરતના વેપારીને ચૂનો લગાવ્યો હતો

સુરતઃ બોલિવૂડ કલાકારોના નામે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી મુંબઈની ગેંગના મુખ્ય સૂત્રધારને ઉત્રાણ પોલીસે મહારાષ્ટ્રના મુંબઈ ખાતેથી ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે.

ઉત્રાણ પી.આઈ. એચ.આર. ગોસ્વામી અને સર્વેલન્સ પીએસઆઈ આર.ડી. ધાધલની ટીમે મુંબઈ અંધેરી (પશ્ચિમ)ના સીઝર રોડ પર આવેલા નીલ કમલ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૩ વર્ષીય વેપારી અનિંદા નેતાઇ સીલની ધરપકડ કરી છે. આ ઠગ ટોળકીએ ઉત્રાણ ખાતે આવેલા મરાવેલ લઝરીયામાં રહેતા અને વરાછાના એ.આર. મોલમાં ‘શુભારંભ એન્ટરટેઇનમેન્ટ’ નામે ઇવેન્ટ મેનેજમેન્ટની ઓફિસ ધરાવતા ૨૮ વર્ષીય અભિષેક મગનભાઈ બોરડાને બોલિવૂડના મોટા કલાકારો સાથેના ફોટોગ્રાફ્સ અને પારિવારિક સંબંધો હોવાની લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઈને અરિજિતસિંગ, કપિલ શર્મા અને નોરા ફતેહીનો લાઈવ શો કરવાના નામે નાણાં પડાવી ઈનમેન્ટના ડિરેક્ટરોએ અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂા. ૧,૪૩,૧૨,૪૨૨/- ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ ટોળકીની ‘બેઝ 52 એન્ટરટેઇન્મેન્ટ પ્રા.લી.’ કંપનીનો જીએસટી નંબર સરકારે બ્લોક કર્યો હોવા છતાં, તેઓએ ફરિયાદીને ખોટું બિલ પધરાવી દીધું હતું. જ્યારે આયોજકે શો ન થતાં નાણાં પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ વિશ્વાસ જીતવા માત્ર રૂા. ૧.૧૫ લાખ આપ્યા હતા અને બાકીના રૂા. ૧.૪૧ કરોડ માટે આપેલા ચેક બાઉન્સ કરાવી દીધા હતા. રિયાદીએ ઉઘરાણી કરતાં મુખ્ય સૂત્રધારે “હું એમ જ દાદા નથી કહેવાતો, થાય તે કરી લે, પૈસા નહીં મળે” તેવી ધમકી આપી હતી.

ઉત્રાણ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી મુંબઈમાં ઓપરેશન પાર પાડી મુખ્ય આરોપીને ધરપકડ કરી અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# મસ્જિદના બાંધકામમાં ખોટી દાદ માંગવા જતાં કમિટીને 1 લાખનો દંડ

**વકફ** ટ્રિબ્યુનલે કમિટીનો રાજા ઓવારાની મસ્જિદની કમિટીનો દાવો ફગાવી દીધો

સુરતઃ ચોકબજારના રાજા ઓવારા ખાતે આવેલી મનપાની અનામત જગ્યા પર બાંધકામ કરવામાં મનપા રોકે નહીં તે માટે પિટિશન કરનારને વકફ ટ્રિબ્યુનલે પિટિશન કાઢી નાખવાની સાથે રૂપિયા એક લાખનો દંડ કર્યો હતો.

ચોકબજાર, રાજા ઓવારા ખાતેની હુસૈની મસ્જિદની વકફ કમિટીના ઉપપ્રમુખ હનીફભાઈ નીલાજી, સૈક્રેટરી મંઝૂર અલી રોશન અલી સૈયદ, અસલમ નઈમ શેખ, શેખ મોહમ્મદ તાહિર ગુલામમોહિયુદ્દીન દ્વારા વકફ ટ્રિબ્યુનલમાં સુરત મનપા તેમજ વકફ બોર્ડને પ્રતિવાદી બનાવવાની સાથે મનપાની નોટિસને પડકારતાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ‘મસ્જિદે હુસૈની’ છેલ્લા ૪૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી ત્યાં અસ્તિત્વમાં છે. મસ્જિદનું જૂનું માળખું જર્જરિત થઈ ગયું હોવાથી તેના સ્થાને નવું મજબૂત બાંધકામ શરૂ કર્યું હતું. પરંતુ મનપાએ બાંધકામ તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ માટે દાદ માંગી હતી કે મનપા મસ્જિદના કાયદેસરના બાંધકામમાં કોઈ દખલગીરી ન કરે કે તેને તોડી ન પાડે તે માટે કાયમી મનાઈહુકમ આપવામાં આવે. આ રજૂઆત સામે સુરત મનપાએ જણાવ્યું હતું કે, મનપાના રેકોર્ડ મુજબ વોર્ડ નં. ૧, સિટી સર્વે નં. ૨૦૫૯/A/૨ વાળી જગ્યા સરકારી માલિકીની છે અને તેને મનપા દ્વારા પબ્લિક પર્પઝ - ઐતિહાસિક સંરક્ષણ તરીકે જાહેર કરવામાં આવી છે. આ જગ્યા પર ધાર્મિક સ્થળ કે મસ્જિદ હોવાનો કોઈ સત્તાવાર સરકારી રેકોર્ડ નથી. આ રજૂઆતોને પગલે ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો હતો કે, દાદ માંગનારા આ જમીન વકફ કમિટીની માલિકીની હોવાનું કે મસ્જિદ ૪૦ વર્ષ જૂની હોવાનું સાબિત કરી શક્યા નથી. જ્યારે સામા પક્ષે સુરત મનપા એ સાબિત કરવામાં સફળ રહી છે કે આ જગ્યા સરકારી ખુલ્લો પ્લોટ છે અને ત્યાં થયેલું નવું બાંધકામ ગેરકાયદેસર છે. પરિણામે ટ્રિબ્યુનલે વાદીઓનો દાવો નામંજૂર કરવા તરફી ચુકાદો આપ્યો હતો અને ખોટી અરજી કરવા બદલ અરજદારોને રૂપિયા એક લાખનો દંડ ફટકાર્યો હતો.

**પર્દાફાશ** ફોરવ્હીલર્સ માટે ટેસ્ટ પાસ કરવી લોઢાના ચણા ચાવવા સમાન બની

# AIથી ફોર વ્હીલનો પાસિંગ રેટ માત્ર 16%

**જોકે** ટુ-વ્હીલરને ફાયદો, પાસિંગ રેશિયો 94% સાથે પરિસ્થિતિ સામાન્ય

### AI ટ્રેક શરૂ થયા બાદ આઠ દિવસનું આંકડાકીય સરવૈયું

પહેલાં દિવસથી જ ટુવ્હીલરનો પાસિંગ રેશિયો ફોરવ્હીલની સરખામણીએ ઘણો ઊંચો રહ્યો હતો. બીજા દિવસે 17 જૂને ફોરવ્હીલમાં 12માંથી 2 પાસ અને ટુવ્લીહરમાં 33માંથી 29 પાસ અને 4 ફેઈલ રહ્યા હતા. ત્રીજા દિવસે 18 જૂને 74માંથી 15 પાસ, 59 ફેઈલ, ટુવ્હીલરમાં 252માંથી 202 પાસ અને 50 ફેઈલ, ચોથા દિવસે 19 જૂને 74 ફોરવ્હીલના અરજદારો પૈકી 10 જ પાસ થયા હતા જ્યારે 254 ટુવ્હીલરના અરજદારો પૈકી 195 પાસ થયા હતા. પાંચમા દિવસે 20 જૂને ફોરવ્હીલ માટે 150 અરજદારોએ ટેસ્ટ આપી હતી તે પૈકી માત્ર 37 પાસ અને 113 નાપાસ થયા હતા. ટુવ્હીલરના 247 અરજદારો પૈકી 186 પાસ થયા હતા. ત્યાર બાદ 22 જૂને 128 ફોરવ્હીલ ધારકોમાંથી 29 જ પાસ થયા હતા. 281 ટુવ્હીલર ધારકો પૈકી 212 પાસ થયા હતા. 23 જૂને 109 ફોરવ્હીલ ધારકો પૈકી 25 પાસ થયા હતા. 293 ટુવ્હીલર ધારકો પૈકી 240 પાસ થયા હતા. 24 જૂને 105 ફોરવ્હીલ ધારકો પૈકી 17 જ પાસ અને 88 ફેઈલ થયા હતા. ટુવ્હીલરમાં 303 અરજદારોમાંથી 257 પાસ થયા હતા.

### ટુ-વ્હીલર ચાલકો માટે રાહત

ફોર વ્હીલરની સરખામણીએ ટુ-વ્હીલર (દ્વિચક્રીય વાહનો) કેટેગરીમાં ચિત્ર તદ્દન અલગ અને પ્રોત્સાહક છે. આ કેટેગરીમાં અરજદારોને કોઈ ખાસ મુશ્કેલી પડી રહી નથી. ટુ-વ્હીલરનો પાસિંગ રેટ ૭૫% થી લઈને ૯૪% જેટલો ઊંચો રહ્યો છે, જે દર્શાવે છે કે બાઇક કે સ્કૂટર ચાલકો સરળતાથી આ ઓટોમેટેડ ટેસ્ટ પાસ કરી રહ્યા છે.

સુરતઃ સુરતમાં તાજેતરમાં જ શરૂ થયેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટ્રેકિંગ સિસ્ટમના અમલીકરણ બાદ ફોર વ્હીલર વાહનોના પાસિંગ રેશિયોમાં મોટો અને સ્પષ્ટ ઘટાડો નોંધાયો છે.

સુરત RTOના સત્તાવાર અને તાજા આંકડા દર્શાવે છે કે, AI ટ્રેક સિસ્ટમ લાગુ થયા પહેલાં ફોર વ્હીલર કેટેગરીમાં પાસિંગ રેટ અંદાજે ૩૩ ટકા જેટલો હતો. જો કે, નવી ટેકનોલોજી આવ્યા બાદ આ પાસિંગ રેટ ઘટીને માત્ર 16% થી 26% ની વચ્ચે જ આવીને અટકી ગયો છે.

આમ, સરેરાશ પાસિંગ રેશિયોમાં 7 થી 17ટકા સુધીનો મોટો ઘટાડો જોવા મળ્યો છે,

જો દિવસવાર આંકડાની વાત કરીએ તો, પ્રથમ દિવસે ટેસ્ટ આપનાર 33 ઉમેદવારોમાંથી માત્ર 7 (21.21%) જ પાસ થયા હતા. પ્રથમ દિવસથી જ ફોરવ્હીલના ઉમેદવારો માટે AI સિસ્ટમ મોટો પડકાર સાબિત થઈ છે. 20 જૂને સૌથી વધુ 150 લોકોએ ટેસ્ટ આપી હતી જેમાંથી રેકોર્ડ બ્રેક 113 લોકો નાપાસ થયા હતા. તેમજ 24 જૂને 105 માંથી માત્ર 17 જ લોકો પાસ થઈ શક્યા હતા.

# નવી સિવિલ હોસ્પિ.માં 7 મહત્ત્વપૂર્ણ લેબ ટેસ્ટ શરૂ

**થાઈરોઇડ,** વિટામીન, હૃદયરોગ જેવા ગંભીર રોગના ટેસ્ટ ઉપલબ્ધ

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા અત્યાર સુધી ખાનગી લેબોરેટરીઓમાં મોંઘા ભાવે થતી કેટલીક વિશેષ લેબોરેટરી તપાસો હવે હોસ્પિટલમાં જ શરૂ કરવામાં આવી છે, જેના કારણે સામાન્ય અને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને સીધો લાભ મળશે.

નવી સિવિલ હોસ્પિટલના બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા TSH 3 KIT, Free T3, Free T4, Vitamin B12, Vitamin D, Ferritin અને Hs Troponin જેવી કુલ સાત મહત્વપૂર્ણ લેબોરેટરી તપાસો શરૂ કરવામાં આવી છે. આ તપાસો વિવિધ પ્રકારના રોગોના નિદાન અને સારવારમાં મહત્વની ભૂમિકા ભજવે છે. થાયરોઈડ સંબંધિત તકલીફોના નિદાન માટે TSH, Free T3 અને Free T4 ટેસ્ટ જરૂરી માનવામાં આવે છે, જ્યારે શરીરમાં વિટામિનની ઉણપ જાણવા માટે Vitamin B12 અને Vitamin D ટેસ્ટ ઉપયોગી છે. Ferritin ટેસ્ટ દ્વારા શરીરમાં આયર્નનું પ્રમાણ અને લોહીની ઉણપ અંગેની માહિતી મળે છે. Hs Troponin ટેસ્ટ હૃદયરોગ અને હાર્ટ એટેક જેવા ગંભીર કેસોમાં ઝડપી અને ચોક્કસ નિદાન માટે ઉપયોગી સાબિત થાય છે. અત્યાર સુધી આ તમામ તપાસો માટે દર્દીઓને ખાનગી લેબોરેટરીઓનો સહારો લેવો પડતો હતો, જ્યાં તેના માટે નોંધપાત્ર ખર્ચ થતો હતો. હવે નવી સિવિલ હોસ્પિટલમાં આ સુવિધા ઉપલબ્ધ થતાં દર્દીઓને ઓછા ખર્ચે અને એક જ સ્થળે જરૂરી તપાસો મળી શકશે, જેના કારણે સારવારની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે.

## સંક્ષિપ્ત સમાચાર

### દિલ્હીમાં યોજાયું રાષ્ટ્રીય કોળી સમાજનું ભવ્ય અધિવેશન



સુરતઃ દેશની રાજધાની દિલ્હી ખાતે અખિલ ભારતીય કોળી સમાજના નેજા હેઠળ એક ભવ્ય રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું. આ કાર્યક્રમમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને અખિલ ભારતીય કોળી સમાજ ના રાષ્ટ્રીય અધ્યક્ષ વીરેન્દ્રસિંહ કસિયપ સહિતના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા.અધિવેશનમાં શિક્ષણનો વ્યાપ વધારવા, યુવા સશક્તિકરણ અને સંગઠનને વધુ મજબૂત બનાવી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન એક મહત્વનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે, ચૂંટણી સમયે સમાજના નામે મત મેળવી વિજયી બન્યા બાદ અનેક નેતાઓ સમાજથી અંતર જાળવી લે છે. પરિણામે, સમાજહિતને સર્વોપરી ગણનાર અને સતત જન સંપર્કમાં રહે તેવા નેતૃત્વની તાતી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

### મહાદેવ દેસાઈ અખિલ ભારતીય યુનિ. એન્ડ કોલેજ ટીચર્સ ઓર્ગે.ના પ્રમુખ બન્યા



સુરતઃ ભારતના કોલેજ અને યુનિવર્સિટીના નિવૃત્ત આધ્યાપકોના સંગઠન અખિલ ભારતીય યુનિવર્સિટી એન્ડ કોલેજ રિટાયર્ડ ટીચર્સ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ તરીકે નવસારીના પ્રાધ્યાપક મહાદેવ દેસાઈની નિયુક્તિ કરવામાં આવી છે. પ્રાધ્યાપક મહાદેવ દેસાઈ આ સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે જવાબદારી અદા કરતા હતા પરંતુ મે ૨૦૨૬માં આ સંગઠનના પ્રમુખ ડૉ. સુધાકર માનકરજી (કોલ્હાપુર-મહારાષ્ટ્ર) નું આકસ્મિક અવસાન થતા સંગઠનમાં પ્રમુખના હોદ્દા પર તેમની વરણી કરવામાં આવી છે. ગુજરાતમાંથી રાષ્ટ્રીય કક્ષાએ ચાલતા આ સંગઠનના પ્રમુખ બનવાનું બહુમાન પ્રાપ્ત કરનાર તેઓ સૌપ્રથમ આધ્યાપક છે. તેઓ અખિલ ગુજરાત યુનિવર્સિટી એન્ડ કોલેજ પેન્શનર્સ સમાજના કારોબારી સભ્ય તરીકે તથા ગુજરાત સ્ટેટ પેન્શનર્સ કોઓર્ડિનેશન કમિટીના સંગઠન મંત્રી તરીકે પણ જવાબદારી અદા કરી રહ્યા છે.

### કતાર બ્લાસ્ટમાં મૃતક સન્ની પટેલના પરિવારને ધારાસભ્ય સંદીપ દેસાઈએ આપી સાંત્વના



સુરતઃ કતારમાં 21 જૂનના રોજ થયેલા ભયાનક બ્લાસ્ટમાં લાપતા બનેલા સુરતના ભીમપોર ગામના મોટા મોહલ્લામાં રહેતા સન્ની ચંપકલાલ પટેલ (37 વર્ષ) નું મોત નિપજ્યું હોવાનું સ્પષ્ટ થતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. આ ઘટના બાદ પરિવારને શાંત્વના આપવા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદિપ દેસાઈ અને સ્થાનિક રાજકીય આગેવાનો તેમના ઘરે ગયા હતા. તેમણે પરિવારજનોને મળીને શોક વ્યક્ત કર્યો હતો તેમજ આ દુઃખની ઘડીમાં પરિવારને હિંમત અને સાંત્વના આપી હતી. પરિવારજનોની વેદના સાંભળી તેમણે જરૂરી સહાય અને સહકારની પણ ખાતરી આપી હતી. આગામી દિવસોમાં સન્નીનો પાર્થિવ દેહ સુરત લાવવામાં આવશે તેવી માહિતી મળી છે.

### સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા તા. 14-06-2026 ના રોજ રવિવારે સવારે 9.30 કલાકે રૂઘનાથપુરા સ્થિત સુરતી મોઢ વણિક વાડી, બમનજીની શેરી ખાતે યોજાઈ હતી. સભામાં 600થી વધુ સભાસદોએ હાજરી આપી હતી. પદ્મવિભૂષણ યઝદી કરંજિયા તથા ભરતભાઈ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. યોગદાન આપનાર સભાસદોને પારિતોષિક આપવાની સાથે 65 વર્ષ તથા 80 વર્ષ પૂર્ણ કરનાર વરિષ્ઠ સભાસદોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ મનહરલાલ લાપસીવાલાએ આઠમા પગાર પંચ સંબંધિત મુદ્દાઓ અંગે સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોની માહિતી આપી હતી. કાર્યક્રમમાં પરેશભાઈ ભાટિયા અને પંકજભાઈ માંજરાવાળાએ ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. જયંતીભાઈ લાપસીવાલાએ આભારવિધિ કરી હતી. સંચાલન હસમુખભાઈએ કર્યું હતું.

### બાલાજી અર્બન ક્રેડિટ સોસાસિએશનના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ બાલાજી અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ની ૪૩મી વાર્ષિક સામાન્ય સભા લાયન્સ કલબ હોલ, લાલજીનગર સોસાયટી, મોરારજી દેસાઈ ગાર્ડન પાસે, સરદારબ્રીજ નજીક, અડાજણ રોડ, સુરત ખાતે તા.૨૦-૦૬-૨૦૨૬ને શનિવારે સાંજે ૫:૦૦ કલાકે મળી હતી. સોસાયટીના પ્રમુખ હસિત મહેતાએ ૨૦% ડિવિડન્ડની જાહેરાત કરી હતી. ચાલુ વર્ષમાં હોદ્દેદારોમાં પ્રમુખ હસિત મહેતા, ઉપપ્રમુખ રાજેન્દ્ર બર્મન, મંત્રી વિનોદ કણીયા તથા સહમંત્રી યોગેશ જરીવાળાની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. સંસ્થાના મેનેજર મંદાકિની ભટ્ટે સભાનું સંચાલન કર્યું હતું.

### કુરુક્ષેત્ર સ્મશાનભૂમિને સાંઇનાથ પાવન ધામ પરિવાર અને દાતાઓ દ્વારા ૨.૨૭ લાખનું દાન



સુરતઃ જહાંગીરપુરા-વરીયાવ રોડ પર આવેલા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવાકીય કાર્યોને વેગ આપવા માટે ઓલપાડ તાલુકાના સરોલી ગામના સાંઇનાથ પાવન ધામ ટ્રસ્ટ પરિવાર અને અગ્રણીઓ દ્વારા કુલ રૂ. ૨,૨૭,૧૦૧નું દાન અર્પણ કરવામાં આવ્યું છે. જેમાં ટ્રસ્ટ તરફથી રૂ. ૧,૫૧,૦૦૦, સરોલી ગામના નગીનભાઈ ભીખાભાઇ પટેલ તરફથી રૂ. ૫૧,૦૦૦ અને રાજેશભાઇ રામુભાઇ પટેલ તરફથી રૂ. ૨૫,૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. ચેક ટ્રસ્ટના ખજાનચી ઉમેશભાઇ દેસાઈ તથા મહેશભાઈ પટેલને સુપ્રત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ કમલેશ સેલરે દાતાઓનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. ટ્રસ્ટના અન્ય હોદ્દેદારો શંકરભાઇ પટેલ, અજયભાઇ ગાંધી અને સમીરભાઈ વ્યાસે દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.